Seat No. : _______________

# ME-142

**March-2019**

**B.A., Sem.-V**

**CC-304-A : Gujarati**

**('વાડ' – નવલકથા)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** જમણી બાજુ પ્રશ્નના ગુણ દર્શાવેલ છે.

1. (અ) ઈલા આરબ મહેતાનું સમગ્ર જીવન-કવન મૂલવો. **14**

**અથવા**

નોંધ લખો :

(i) ઈલા આરબ મહેતાનું નવલિકા ક્ષેત્રે પ્રદાન **7**

(ii) ઈલા આરબ મહેતાનું નવલકથા ક્ષેત્રે પ્રદાન **7**

(બ) નીચે આપેલા વિકલ્પો પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો : **4**

(1) ઈલા આરબ મહેતાનો જન્મ _______ માં થયો.

(મુંબઈ, અમદાવાદ, રાજકોટ, ભાવનગર)

(2) ઈલા આરબ મહેતાના સર્જક સ્વજન ______ છે.

(રમણલાલ નીલકંઠ-વિનોદીની નીલકંઠ, ગુણવંતરાય આચાર્ય – વર્ષા અડાલજા, - સુરેશ જોશી – ધીરુબેન પટેલ, વિનોદ જોશી-જગદીશ જોશી)

(3) _______ ઈલા આરબ મહેતાની પુરસ્કૃત નવલકથા છે.

(બત્રીસ લક્ષણો, વસંત છલકે, રાધા, દરિયાનો માણસ)

(4) ઈલા આરબ મહેતા વ્યવસાયે ______ હતા.

(વકીલ, ડોક્ટર, અધ્યાપક, શિક્ષક)

2. (અ) નવલકથાના લક્ષણોને આધારે 'વાડ'નું મૂલ્યાંકન કરો. **14**

**અથવા**

નોંધ લખો :

(i) 'વાડ' નવલકથાની પાત્રસૃષ્ટિ **7**

(ii) 'વાડ' નવલકથાનું શીર્ષક ઔચિત્ય **7**

(બ) નીચે આપેલા વિકલ્પો પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. **4**

(1) ફાતિમાના શિક્ષક _______ છે.

(માંજરેકર સર, તેંડુલકર સર, જાવડેકર સર, ગાયકવાડ સર)

(2) "ચોક્કસ બનશે, ચુસાયેલા ગોટલામાંથી આંબા થાય છે, ધીરુ !" – આ ઉક્તિ ________ બોલે છે.

(જાની સર, ગીતાંજલિ બહેન, સ્મિતાબહેન, જોશી સર)

(3) 'વાડ' નવલકથાનું પ્રેરણાસ્રોત _______ છે.

(સોનાલી, ચેતન, આયુષ, શરીફા વીજળીવાળા)

(4) ફાતિમાને કબાટમાંથી _______ ગંધ આવતી હતી.

(દવાની, નાસ્તાની, ચોપડીઓની, કપડાંની)

3. (અ) 'વાડ' નવલકથાની વસ્તુ સંકલનાની વિગતે નોંધ આપો. **14**

**અથવા**

નોંધ લખો :

(1) 'વાડ' નવલકથાની ભાષાશૈલી **7**

(2) 'વાડ' નવલકથાનો આરંભ અને અંત **7**

(બ) નીચે આપેલા વિકલ્પો પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. **4**

(1) ફાતિમાનો ભાઈ કરીમ નવલકથામાં _______ બને છે.

(મૌલવી, અધ્યાપક, વકીલ, આતંકવાદી)

(2) ફાતિમાના માતા-પિતા _______ છે.

(ખતીજાબી-માજિદભાઈ, સલમાબહેન-સલીમભાઈ, રોશનબી-મહેમુદભાઈ, ઝરીનાબહેન-રહીમભાઈ)

(3) ફાતિમા વ્યવસાયે ______ વિષયની પ્રાધ્યાપક છે.

(ગુજરાતી સાહિત્ય, અંગ્રેજી સાહિત્ય, ઈતિહાસ, સમાજશાસ્ત્ર)

(4) ______ ફાતિમાની ખાસ બહેનપણી છે.

(ચંદન, નરગીસ, મહેજબીન, અલફીના)

4. કોઈપણ **એક** કાવ્યનું રસદર્શન કરાવો. **16**

(1) **રસ્તા વસંતના**

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના
ફૂલો એ બીજું કૈ નથી, પગલાં વસંતના.
મલયાનિલોની પીંછી ને રંગો ફૂલોના લૈ
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના
આ એક તારા અંગે ને બીજો ચમન મહીં
જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના.
મ્હેકી રહી છે મંજરી એકેક આંસુમાં
મ્હોર્યા છે આજ આંખમાં આંબા વસંતના.
ઊડી રહ્યા છે યાદનાં અબીલ ને ગુલાલ
હૈયે થયા છે આજ તો છાંટા વસંતના.
ફાંટુ ભરીને સોનું સૂરજનું ભરો હવે
પાછા ફરી ને આવશે તડકા વસંતના.

- મનોજ ખંડેરિયા

**અથવા**

(2) **વળાવી બા આવી**

રજાઓ દિવાળી તણી થઈ પૂરી ને ઘર મહીં
દહાડાઓ કેરી સ્ખલિત થઈ શાંતિ પ્રથમની.
વસેલાં ધંધાર્થે દૂર સુદૂર સંતાન નિજનાં
જવાનાં કાલે તો, જનકજનની ને ઘર તણા
સદાનાં ગંગામાસ્વરૂપ ઘરડાં ફોઈ–સહુએ
લખાયેલો કર્મે વિરહ મિલને તે રજનીએ
નિહાળ્યો સૌ વચ્ચે નિયત કરી બેઠો નિજ જગા,
ઉવેખી એને સૌ જરઠ વળી વાતે સુઈ ગયાં.
સવારે ભાભીનું ભર્યું ઘર લઈ ભાઈ ઉપડ્યા,
ગઈ અર્ધી વસ્તી, ઘર થઈ ગયું શાંત સઘળું,
બપોરે બે ભાઈ અવર ઉપડ્યા લેઈ નિજની
નવોઢા ભાર્યાઓ પ્રિયવચનમંદસ્મિતવતી,
વળાવી બા આવી નિજ સકલ સંતાન ક્રમશઃ,
ગૃહવ્યાપી જોયો વિરહ, પડી બેસી પગથિયે.

– ઉશનસ્

Seat No. : ______________

# ME-142

**March-2019**

**B.A., Sem.-V**

**CC-304-B : Gujarati**

**('તોત્તોચાન' – તેત્સુકો કુરોયાનાગી, અનુવાદ : રમણ સોની)**

**Time : 2:30 Hours]** **[Max. Marks : 70**

1. (અ) અનુવાદનું સ્વરૂપ સ્પષ્ટ કરી, તેનું મહત્ત્વ અને ઉપયોગિતા જણાવો. **14**

**અથવા**

ટૂંકનોંધ લખો :

(i) અનુવાદ માટેની સાવચેતીનાં કારણો ચર્ચો. **7**

(ii) તમારી દષ્ટિએ અનુવાદનું પ્રયોજન જણાવો. **7**

(બ) નીચે આપેલી ખાલી જગ્યા યોગ્ય વિકલ્પથી પૂર્ણ કરો : (કોઈપણ **ચાર**) **4**

(1) કાકાસાહેબ કાલેલકર અનુવાદકને _______ કહે છે.

(સંસ્કૃતિનો ખજાનચી, સંસ્કૃતિનો એલચી, સંસ્કૃતિનો સંગીતજ્ઞ)

(2) તેત્સુકો કુરોયાનાગીનો જન્મ ______ તારીખે થયો હતો.

(9-8-1933, 9-8-1932, 9-8-1935)

(3) અનુવાદનું કર્મ _______ છે.

(અનુકરણ, રૂપાંતરણ, અનુસર્જન)

(4) તેત્સુકો જાપાનમાં ______ નામથી ટેલિવિઝન પ્રોગ્રામ કરતી હતી.

(તેત્સુકો'ઝ રૂમ, તેત્સુકો'ઝ કીચન, તેત્સુકો'ઝ રોઝ)

(5) 'અનુવાદ એ તો કોલસાની દલાલી છે' – એમ _______ સર્જકે કહ્યું છે.

(કે.હ. ધ્રુવ, બ.ક. ઠાકોર, ઉમાશંકર જોશી)

(6) તેત્સુકો કુરોયાનાગીનો જન્મ _______ સ્થળે થયો હતો.

(નોરીગાકા, રોમીસાકા, નોગીસાકા)

2. (અ) 'તોત્તોચાન' એ બાળ શિક્ષણનો અર્થ-મર્મ સમજાવતો સર્જનાત્મક શિક્ષણનો ગ્રંથ છે – આ વિધાનની સમીક્ષા કરો. **14**

**અથવા**

સમીક્ષાત્મક ટૂંકનોંધ લખો :

(i) આચાર્ય સોસાકુ કોબાયાશીનું પાત્ર **7**

(ii) તોમોએ સ્કૂલની શિક્ષણ પ્રણાલી વિશે ચર્ચા કરો. **7**

(બ) યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો : (કોઈપણ **ચાર**) **4**

(1) આચાર્ય કોબાયાશીનું અવસાન કઈ સાલમાં થયું હતું ?

(ઈ.સ. 1963, ઈ.સ. 1965, ઈ.સ. 1961)

(2) તોત્તોચાન યાસુકી-ચાનને શેના પર ચડવા આમંત્રે છે ?

(ટ્રેન, પગથિયાં, ઝાડ)

(3) "તું સાચે જ ખૂબ સારી છોકરી છે." એવું કોણ કહે છે ?

(તોત્તોચાનની મા, કોબાયાશી, તોત્તોચાનના પિતા)

(4) સોસાકુ કોબાયાશીની સૌથી નાની દીકરીનું નામ શું છે ?

(યસુ-ચાન, મીસા-ચાન, મિયો-ચાન)

(5) કુહોન્બુત્સુ મંદિરના ગર્ભગૃહમાં કોની મૂર્તિ છે ?

(ઈશુ, ગાંધી, બુદ્ધ)

(6) 'તોત્તોચાન'ને જાપાનમાં કયો પુરસ્કાર મળ્યો ?

(વે-વાઈડ સ્ટોન, રે-સાઈડ સ્ટોન, યે માઈન્ડ સ્ટોન)

3. (અ) તોત્તોચાનનું વિસ્તૃત પાત્રાલેખન કરો. **14**

**અથવા**

નીચે આપેલ ટૂંકનોંધ લખો :

(1) 'તોત્તોચાન'માંથી પ્રગટતો સંદેશ **7**

(2) 'કંઈક દરિયામાંથી ને કશુંક પહાડમાંથી' – અને 'તાલવ્યાયામ કે યુરિદિમક્સ' વિશે સમજાવો. **7**

(બ) ખાલી જગ્યા પૂરો : (કોઈપણ ત્રણ) **3**

(1) 'તોત્તોચાન' મૂળ _______ ભાષાની કૃતિ છે.

(ચાઈનીઝ, જાપાની, કોરિયન)

(2) 'તોત્તોચાન' મૂળ પુસ્તકનાં ચિત્રકાર _______ છે.

(ચિહોરા ઈવાસાકી, તેત્સુકો, જિયુગાઆકા)

(3) 'તોત્તોચાન'માં ______ પ્રકરણ નથી.

(સાયોનારા, જાસૂસ, સંગીત)

(4) 'મારુયામા' શબ્દનો અર્થ ______ છે.

(ખીણ, ગોળ ટેકરી, સપાટ મેદાન)

(5) સોસાકુ કોબાયાશી ______ સ્કૂલના આચાર્ય છે.

(તોમોએ રાકુએન, તોમોએ ગાકુએન, તોમોએ ટોકિયો)

4. નીચેનામાંથી કોઈપણ **એક** કાવ્યનું રસદર્શન કરો : **17**

(1) **કૂંચી આપો, બાઈજી !**

તમે કિયા પટારે મેલી મારા મૈયરની શરણાઈ, જી ?
કોઈ કંકુથાપા ભૂંસી દઈ મને ભીંતેથી ઉતરાવો,
કોઈ મીંઢળની મરજાદા લઈ મને પાંચીકડાં પકડાવો;
ખડકી ખોલો, બાઈજી !
તમે કિયા કટાણે પોંખી મારા કલરવની કઠણાઈ જી ?
તમે ઘરચોળામાં ઘુઘરિયાળી ઘરવખરી સંકેલી,
તમે અણજાણ્યા ઉંબરિયેથી મારી નદિયું પાછી ઠેલી.
મારગ મેલો, બાઈજી !
તમે કિયા કુહાડે વેડી મારા દાદાની વડવાઈ, જી ?

– વિનોદ જોશી

**અથવા**

(2) લાવ, થોડી વાર

લીલા ઘાસના આકાશ પર બેસું.

પર્ણમાં પથરાયલાં

વૃક્ષ-ઝરણાંને અઢેલું.

પવનની કો પાતળી

મૃદુ ડાળ

તેને ટપારું.

નગરમાં તો લક્ષ રહેતાં લોક પૂરાં બાર,

તેના લક્ષ ચોવીસ હાથ,

કંઈ ને કંઈ કરતા ભલે.

હું તો ઘડીભર – બે ઘડી અહીંયાં જ તો બેસું

સર્વથી – મારા થકીયે થઈ વિખૂટો

અળગાપણાની મોકળાશે કોણ જાણે કેટલો લેટું !

- પ્રિયકાન્ત મણિયાર